Saturday
18.05.2024
*Volume :8 * Issue No.297
*Email.:kamalamgujarat@gmail.com
* www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva
* Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે મુંબઈ સ્થિત જર્મન કોન્સ્યુલ જનરલશ્રી અચિમ ફેબિગ

## રિન્યુએબલ એનર્જી-ઓટો મોબાઈલ-એન્જિનિયરિંગ-ટુરિઝમ-સ્કીલ ડેવલપમેન્ટના સેક્ટર્સમાં સહયોગ માટે તત્પરતા દર્શાવી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત જર્મનીના મુંબઈ સ્થિત કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની આ મુલાકાત દરમિયાન તેમણે વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૨૪માં જર્મની પાર્ટનર કન્ટ્રી









### ગુજરાત અને જર્મનીના અગ્રણી રાજ્યો વચ્ચે સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટની સંભાવનાઓ ચકાસવા જર્મન ડેલિગેશનને ગુજરાત મુલાકાતે આવવા મુખ્યમંત્રીશ્રીએ આમંત્રણ આપ્યું

રહ્યું હતું, તેનો ઉલ્લેખ કરી સમિટની સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા. એટલું જ નહીં, આ સમિટમાં સસ્ટેઈનેબલ ગ્લોબલ સપ્લાય ચેઈન-ઈન્ડો જર્મન પરસ્પેક્ટિવ અંગે કન્ટ્રી સેમિનારનું આયોજન કરવામાં આવેલું તેની પણ યાદ તાજી કરી હતી. જર્મન કોન્સ્યુલ જનરલ સાથેની વાતચીતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા ઈચ્છુક જર્મન ઉદ્યોગકારોને રાજ્ય સરકારના સહયોગની નેમ દર્શાવી હતી. ગુજરાતમાં જર્મનીની પ્રતિષ્ઠિત કંપનીઝ કાર્યરત છે તે ઉપરાંત ગિફ્ટસિટીમાં ડોઈશ બેંક પણ શરૂ થઈ છે, તેમને ગુજરાતમાં કામ કરવાનું સાનુકૂળ વાતાવરણ મળ્યું છે, એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. ગિફ્ટસિટીમાં જર્મનીના હાયર એજ્યુકેશન ઈન્?સ્ટીટ્યુટ્સ શરૂ થઈ શકે તે દિશામાં પણ મુખ્યમંત્રીશ્રીએ જર્મન કોન્સ્યુલ જનરલ સાથે ચર્ચા કરી હતી. તેમણે ગુજરાતમાં ટેકનિકલ અને વોકેશનલ એજ્યુકેશન તથા ટ્રેનીંગ ઈન્?સ્ટીટ્યુટમાં વૈશ્વિક સ્તરની તાલીમની ગુણવત્તા માટે રાજ્ય સરકારના લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ અને જર્મનીની કંપની વચ્ચે થયેલા એમ.ઓ.યુ. વિશે પણ વાતચીત કરી હતી અને તેના પરિણામે સ્કિલ્ડ વર્ક ફોર્સનો લાભ મળતો થયો છે તેમ પણ ઉમેર્યું હતું. જર્મન કોન્સ્યુલ જનરલ શ્રીયુત અચિમ ફેબિગે ગુજરાત સાથે રિન્યુએબલ એનર્જી, એન્જિનિયરિંગ,ઓટોમોબાઈલ તેમ જ ટુરિઝમ, સ્કીલ ડેવલપમેન્ટ જેવા સેક્ટર્સમાં સહયોગ માટેની ઉત્સુકતા દર્શાવી હતી. આ સંદર્ભમાં તેમણે એમ પણ કહ્યું કે, જી-૨૦ સમિટમાં છેં, હેલ્થ અને ફાર્મા સેક્ટર અંગે પરિણામદાયી ચર્ચા-વિમર્શ થયા બાદ હવે તેઓ રિન્યુએબલ એનર્જી સહિતના ઊભરતા સેક્ટર્સમાં આગળ વધવા ઈચ્છુક છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સાથે જર્મનીના અગ્રણી રાજ્યોના સિસ્ટર સ્ટેટ એગ્રીમેન્ટની સંભાવનાઓ ચકાસવા અને તે દિશામાં વિચાર પરામર્શ માટે જર્મનીના ડેલિગેશનને ગુજરાત મોકલવા આમંત્રણ આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જર્મન કોન્સ્યુલ જનરલને કચ્છી હસ્તકલા કારીગરીની કૃતિ સ્મૃતિ રૂપે ભેટ આપી હતી. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે.હૈદર, મુખ્યમંત્રીશ્રીનાં સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ તથા ઈન્ડેક્સ-બીના એમ.ડી. શ્રી ગૌરાંગ મકવાણા આ સૌજન્ય મુલાકાતમાં જોડાયા હતા.

---

#### સામાન્ય સારવારના ખર્ચમાં લોકોને મળશે ફાયદો

## કેન્દ્ર સરકારનો ૪૧ દવાઓ અને સાત ફોર્મ્યુલેશનના ભાવ ઘટાડવાનો નિર્ણય



નવી દિલ્હી,તા. ૧૭

કેન્દ્ર સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના પગલે લોકોને ફાયદો થશે અને થોડી રાહત પણ મળશે. જી હાં સરકાર દ્વારા કેટલીક દવાઓની કિંમત ઘટાડવામાં આવી છે. ડાયાબિટીસ, હૃદય, લીવર, ઈન્ફેક્શન અને એલર્જીની દવાઓ સસ્તી થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે તેમની નવી કિંમતો નક્કી કરી છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ) એ તેની ૧૨૩મી બેઠકમાં ૪૧ દવાઓ અને સાત ફોર્મ્યુલેશનની કિંમતો ઘટાડવાનો નિર્ણય લીધો હતો. આ અંતર્ગત વિવિધ કંપનીઓની દવાઓની છૂટક કિંમતો નક્કી કરવામાં આવી હતી. તેમાં મલ્ટીવિટામિન્સ અને એન્ટિબાયોટિકસનો પણ સમાવેશ થાય છે. દેશમાં ૧૦ કરોડથી વધુ લોકો ડાયાબિટીસ અને ૮ કરોડથી વધુ લોકો બીપીથી પીડિત છે. આ ઉપરાંત ગેસ, વિટામીન ડી કે અન્ય વિટામીનની ઉણપને કારણે તેમની દવાઓનો ધંધો પણ દર વર્ષે ઝડપથી વધી રહ્યો છે. અનુમાન મુજબ, એનપીપીએના આ નિર્ણયથી ૩૦ કરોડથી વધુ લોકોને સીધી રાહત મળશે. એનપીપીએ દ્વારા એક નોટિફિકેશન જાહેર કરીને આ જાણકારી આપવામાં આવી હતી. સામાન્ય રીતે ઈન્ફેક્શન, એલર્જી સિવાય મલ્ટીવિટામીન અને એન્ટીબાયોટીકસના ભાવ વધારે હોય છે. જેના કારણે સામાન્ય સારવારનો ખર્ચ પણ વધી જાય છે. તેથી દવાઓ સસ્તી થશે તો લોકોને રાહત મળશે. ફેબ્રુઆરીમાં દ્રૅ છએ ખાંડ અને મૅ સહિત ૬૯ દવાઓના ભાવમાં સુધારો કર્યો હતો અને નવી કિંમતો લાગુ કરી હતી, જેમાં ૩૧ ફોર્મ્યુલેશન દવાઓનો પણ સમાવેશ થાય છે. આ ઓર્ડરમાં મેટફોર્મિન, સિતાગ્લિપ્ટિન, બિસોપ્રોલોલ ઉપરાંત વિટામિન ડીઉ, પેન્ટોપ્રાઝોલ, ટેલમિસારટન, આઈસોનિયાઝિડ જેવી દવાઓ અને ફોર્મ્યુલેશનનો સમાવેશ થાય છે.

---

## કર્મચારી વહીવટ અને શાસનમાં સહયોગ માટે ભારત-કેન્યા દ્વિપક્ષીય બેઠક યોજાઈ

**સેક્રેટરી ડીએઆરપીજી અને ડાયરેક્ટર જનરલ કેએસજીની આગેવાની હેઠળ દ્વિપક્ષીય મંત્રણાઓ ક્ષમતા નિર્માણ કાર્યક્રમો પર ભાર મૂકે છે**

**નેશનલ સેન્ટર ઓફ ગુડ ગવર્નન્સ (દ્રઝ્રય્)- કેન્યા સ્કૂલ ઓફ ગવર્નન્સ (દ્રજીય્, મસૂરીના એનસીજીજીમાં કેન્યાના વરિષ્ઠ અધિકારીઓની ક્ષમતા નિર્માણ પર કામ કરશે**



ભારત સરકારના વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગ (DARPG) ના સચિવ શ્રી વી. શ્રીનિવાસ, કેન્યા સ્કૂલ ઓફ ગવર્નન્સના ડાયરેક્ટર જનરલ પ્રોફેસર નૂર મોહમ્મદ સાથે ૧૪મી મે ૨૦૨૪ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મીટિંગ કરી હતી. આ મીટિંગમાં ભારત તરફથી DARPG ના વરિષ્ઠ અધિકારીઓ, નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ, કેન્યા ખાતેના ભારતના હાઈ કમિશન જ્યારે કેન્યા બાજુથી KSG ના ડિરેક્ટરોએ હાજરી આપી હતી. બેઠકમાં, બંને પક્ષોએ ક્ષામતા નિર્માણ કાર્યક્રમો પર ભાર મુકીને કર્મચારી વહીવટ અને શાસનમાં નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ (NCGG) અને કેન્યા સ્કૂલ ઓફ ગવર્નન્સ (KSG) દ્વારા ભારત-કેન્યા દ્વિપક્ષીય સહયોગને વધારવા માટે ચર્ચા કરી. દ્વિપક્ષીય બેઠકમાં NCGG અને KSG વચ્ચેના સહયોગની રૂપરેખા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સહયોગના ક્ષેત્રો એનસીજીજીમાં કેન્યાના વરિષ્ઠ અધિકારીઓની ક્ષમતા નિર્માણની કલ્પના કરે છે. ભારતીય પક્ષે CPGRAMS સુધારાના અમલીકરણ દ્વારા રાષ્ટ્રીય ઈ-સેવાઓ ડિલિવરી મૂલ્યાંકનનો ઉપયોગ કરીને ઈ-સેવાઓના બેન્ચમાર્કિંગ, પ્રધાનમંત્રીના માધ્યમથી જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પુરસ્કારો યોગ્યતાની માન્યતા દ્વારા "મહત્તમ શાસન-લઘુત્તમ સરકાર" નીતિના અમલીકરણમાં ભારત સરકાર દ્વારા કરાયેલી પ્રગતિને રજૂ કરી. એનસીજીજીની પ્રવૃતિઓ અને સિદ્ધિઓ વિશે પણ વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. કેન્યા પક્ષે કેન્યાના નાગરિક કર્મચારીઓના ક્ષમતા નિર્માણ કાર્યક્રમમાં KSGની ભૂમિકા રજૂ કરી.

KSG કેન્યાના વિઝન ૨૦૩૦ને હાંસલ કરવા માટે કેન્યાની સરકાર અને તેમના નાગરિક કર્મચારીઓને પરિવર્તનનું નેતૃત્વ કરવા માટે મદદ કરી રહી છે.

---

## બાંગ્લાદેશના નાગરિક કર્મચારીઓ માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમોના અમલીકરણ માટેના રોડ-મેપ પર ચર્ચા કરવા ભારત-બાંગ્લાદેશ દ્વિપક્ષીય બેઠક માટે યોજાઈ

**બાંગ્લાદેશના જાહેર વહીવટ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે DARPG સચિવ અને ચાર ક્ષમતા નિર્માણ સંસ્થાઓના રેક્ટરો (સચિવો) વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ**



ભારત સરકારના વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગના સચિવ શ્રી વી. શ્રીનિવાસ વચ્ચે ચાર ક્ષમતા નિર્માણ સંસ્થાઓના રેક્ટરો (સચિવો) અને બાંગ્લાદેશના જાહેર વહીવટ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ શ્રી સુકેશ કુમાર સરકાર, ડિરેક્ટર જનરલ (સેક્રેટરી), નેશનલ એકેડમી ફોર પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ (NAPD), બાંગ્લાદેશ સાથે ૧૬મી મે ૨૦૨૪ના રોજ ઓનલાઈન મોડમાં દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બાંગ્લાદેશ પબ્લિક એડમિનિસ્ટ્રેશન ટ્રેનિંગ સેન્ટર (BPATC)ના રેક્ટર (સચિવ) મોહમ્મદ અશરફ ઉદ્દીન, બાંગ્લાદેશ સિવિલ સર્વિસ એડમિનિસ્ટ્રેશન એકેડેમી (BCSAA)ના રેક્ટર (સચિવ) ડૉ. મો. ઓમર ફારુક, નેશનલ એકેડમી ફોર ડેવલપમેન્ટ એડમિનિસ્ટ્રેશન (NADA)ના રેક્ટર (સચિવ) ડૉ. મોહમ્મદ શાહિદુલ્લાહ, બાંગ્લાદેશ અને એડિશનલ સેક્રેટરી ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન મંત્રાલય ડૉ. એમ. ઝિયાઉલ હક ઉપસ્થિત રહ્યાં હતા. DARPGના સંયુક્તસચિવશ્રી. એન.બી.એસ રાજપૂત, DARPGના વહીવટી સુધારણા અને જાહેર ફરિયાદ વિભાગના અન્ય વરિષ્ઠ અધિકારીઓ, નેશનલ સેન્ટર ઓફ ગુડ ગવર્નન્સ (NCGG) અને બાંગ્લાદેશમાં ભારતના ઉચ્ચ આયોગે ભારતીય પક્ષ તરફથી બેઠકમાં ભાગ લીધો હતો. આ ચર્ચામાં આ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા (a) જાહેર વહીવટ મંત્રાલયની ક્ષમતા નિર્માણ સંસ્થાઓના ફેકલ્ટી માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમોનું આયોજન કરવું (b) વરિષ્ઠ કાર્યકારી વિકાસ કાર્યક્રમ (c) NCGG ખાતે બાંગ્લાદેશનાનાગરિકકર્મચારીઓની ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મીટ (d) 27માં બાંગ્લાદેશના નાગરિક કર્મચારીઓની ભાગીદારી ઈ-ગવર્નન્સ કોન્ફરન્સ. ચર્ચાઓ બાદ, એ વાત પર સંમતિ સધાઈ હતી કે NCGG બાંગ્લાદેશના વરિષ્ઠ નાગરિક કર્મચારીઓ માટે જુલાઈ અને સપ્ટેમ્બર ૨૦૨૪માં NCGGમાં એક સપ્તાહનો ક્ષમતા નિર્માણ કાર્યક્રમ, BPATC, BCS એડમિનિસ્ટ્રેશન એકેડેમી, NAPD અને બાંગ્લાદેશના NADA ના ફેકલ્ટી સભ્યો માટે બે સપ્તાહના ક્ષમતા નિર્માણ કાર્યક્રમનું આયોજન કરશે. દ્રઝ્રય્ બાંગ્લાદેશના વરિષ્ઠ નાગરિક કર્મચારીઓ માટે વહેંચાયેલા શીખવાના અનુભવોને સક્ષમ કરવા માટે આયોજિત ૭૧ ક્ષમતા નિર્માણ કાર્યક્રમોમાંથી પસંદગીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આવરી લેતી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મીટનું આયોજન કરશે. એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે DARPG 27મી નેશનલ ઈ-ગવર્નન્સ કોન્ફરન્સમાં વકતા તરીકે બાંગ્લાદેશના નાગરિક કર્મચારીઓને આમંત્રિત કરશે. નેશનલ સેન્ટર ઓફ ગુડ ગવર્નન્સ (NCGG)એ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન ૨૬૬૦ બાંગ્લાદેશ સિવિલ સર્વિસ ઓફિસર્સ માટે ૭૧ ક્ષમતા નિર્માણ કાર્યક્રમો સફળતાપૂર્વક હાથ ધર્યા છે. બંને પક્ષો ૨૦૨૫-૨૦૩૦ના સમયગાળા માટે ૧૫૦૦ નાગરિક કર્મચારીઓ માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમો માટે સહયોગને નવીકરણ કરવા સંમત થયા છે.

## તંત્રી સ્થાનેથી......

હાલ ડિજીટલ યુગની સાથે લોકો પણ ડિજીટલ બની રહ્યા છે. હાલ લગભગ તમામ માહિતી અને કામગીરી આંગળીના ટેરવે શક્ય બની છે ત્યારે હવામાન વિભાગ દ્વારા હવામાન વિશેની સચોટ માહિતી ત્વરિત મોબાઈલમાં જ ઉપલબ્ધ બની રહે તેવા હેતુથી વિવિધ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. વર્ષાઋતુને ધ્યાનમાં રાખી હવામાન વિભાગ દ્વારા 'મોસમ એપ્લીકેશન', 'દામિની એપ્લીકેશન', 'મેઘદૂત એગ્રો એપ્લીકેશન' અને 'પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્લીકેશન' જેવી એપ્લીકેશન તૈયાર કરવામાં આવેલ છે. એપ્લીકેશન IMDની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ આ મોબાઈલ એપ્લીકેશન વરસાદની આગાહી, વીજળીથી બચાવ, ખેતી માટે ઉપયોગી છે. ખેડૂતો સહિત તમામ નાગરીકોને આ એપ્લીકેશનની મદદથી વરસાદ, વાવાઝોડું, બચાવ વગેરે અંગેની માહિતી તેમના ખીસામાં જ મળી રહેશે. જ્યારે પણ લોકો ઈચ્છે ત્યારે પ્રવર્તમાન હવામાનની માહિતી સરળતાથી મેળવી શકશે.

# મોરબી સિવિલ હોસ્પિટલની મેડિકલ સર્વિસ અને સગવડો અંગે જિલ્લા કલેકટરશ્રી કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

**"સિવિલમાં જેટલી સગવડો ઉપલબ્ધ છે તેનો મહત્તમ ઉપયોગ કરી દર્દીઓની સારવાર માટેની સારી કામગીરી કરવામાં આવી રહી છે" - જિલ્લા કલેક્ટરશ્રી કે.બી. ઝવેરી**



મોરબી સિવિલ હોસ્પિટલ માં દર્દીઓ માટે ઉપલબ્ધ મેડિકલ સર્વિસ તેમજ અન્ય તમામ સગવડો અંગે જિલ્લા કલેકટરશ્રી કે.બી. ઝવેરીના અધ્યક્ષ સ્થાને મોરબી સિવિલ હોસ્પિટલના કોન્ફરન્સ હોલ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક અન્વયે કલેક્ટરશ્રીએ સિવિલના વિવિધ વિભાગોના કી-પર્ફોમન્સ, ઉપલબ્ધિઓ તેમજ કામગીરી અંગે સમીક્ષા કરી હતી. આ બેઠક દરમિયાન જિલ્લા કલેકટરશ્રી કે.બી. ઝવેરીએ મોરબી સિવિલ હોસ્પિટલની સુંદર કામગીરી માટે અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, સિવિલમાં ખૂબ સારી કામગીરી કરવામાં આવી રહી છે. આપણી સિવિલમાં જેટલી સગવડો ઉપલબ્ધ છે તેનો મહત્તમ ઉપયોગ કરી દર્દીઓની સારવાર માટેની સારી કામગીરી કરવામાં આવી રહી છે. આપણી હોસ્પિટલમાં કોઈ વ્યક્તિ ભલેને ટ્રેચર, વ્હીલચેર કે વેન્ટિલેટ ઉપર આવે અને સારવાર બાદ તે પોતાના પગ પર ઉભો થઈને જાય તે માટેની સર્વશ્રેષ્ઠ કામગીરી આપણે કરવાની છે. હોસ્પિટલમાં સૌથી અગત્યનું કંઈ હોય તો તે છે દર્દીઓની સેવા, માટે સૌ દર્દીઓને સારામાં સારી ટ્રીટમેન્ટ મળે અને મોરબી જિલ્લાના નાગરિકોને સર્વ શ્રેષ્ઠ સારવાર મળી રહે તે અપેક્ષા રાખું છું તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.એસ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, હોસ્પિટલ એ સામાજિક સેવાનો મહત્વનો ભાગ છે, ત્યારે જે લોકો સારવાર માટે સિવિલ સહિત સરકારી દવાખાનાઓમાં સારવાર લે છે તેમની આશા અને ભરોસો આપણે કાયમ રાખવાનો છે. હોસ્પિટલમાં મેડિકલ સર્વિસની સાથે હોસ્પિટાલિટી સર્વિસ પણ એટલી જ મહત્વની છે જેથી અધિકારીઓથી લઈને નીચેના સ્ટાફ સુધી તમામ લોકો દરેક દર્દી સાથે યોગ્ય વર્તન કરે તો જ ઈન્સ્ટિટયૂટનું સમાજમાં નામ બને છે. આ બેઠક દરમિયાન જનરલ મેડિસિન, રેસ્પીરેટરી મેડિસિન, જનરલ સર્જરી, ગાયનેક, ઓર્થોપેડિક, ઈ.એન.ટી., પિડીયાટ્રીક્સ, સ્કિન, મોલલોજી, સાયકેટ્રીક્સ, પેથોલોજી, બાયોકેમીસ્ટ્રી માઈક્રોબાયોલોજી, રેડિયોલોજી, એનેસ્થેસિયા તેમજ મેડિકલ કોલેજ સહિતના ડિપાર્ટમેન્ટની કામગીરી તેમજ ઉપલબ્ધિઓ અંગે કલેક્ટરશ્રીને માહિતગાર કરવામાં આવ્યા હતા. કલેકટરશ્રીએ હોસ્પિટલના વિવિધ વિભાગોની મુલાકાત લઈને દર્દીઓને વધુને વધુ સારી સુવિધા મળી રહે તે માટેના સુચનો કર્યા હતા. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી એસ.જે. ખાચર, મોરબી પ્રાંત અધિકારીશ્રી સુશીલ પરમાર, હળવદ પ્રાંત અધિકારીશ્રી ધાર્મિક ડોબરીયા, સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટશ્રી ડો. પ્રદીપ દુધરેજીયા, મેડિકલ કોલેજના ડીનશ્રી નીરજ બિશ્વાસ, જિલ્લા ક્ષય અધિકારીશ્રી ધનસુખ અજાણા સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, વિવિધ વિભાગના વડા, ડોક્ટર્સ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



आगामी लोकसभा चुनाव २०२४ के प्रचार अंतर्गत आज ओडिशा के केंद्रपाड़ा लोकसभा लोकसभा के उम्मीदवार बैजयंत पांडा ओर ओल विधानसभा क्षेत्र के भाजपा प्रत्याशी श्री कृष्ण चंद्र पंडा जी के समर्थन में भारतीय जनता पार्टी के पदाधिकारियों, पंचायत प्रमुख, बूथ प्रमुख, मंडल एवं कार्यकर्ताओं के साथ मंडल संचालन की संगठनात्मक बैठक करके केबिनेट मंत्री श्री कुबेरभाई डिंडोरने मार्गदर्शन दीया।

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શનિવારે દાહોદના આદિવાસી તલવાર નૃત્યની થશે પ્રસ્તુતી

**જનસંપર્ક એકમ, સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતા નગર**

**સંસ્કૃતિની વિવિધતામાં એકતા**



શૈશવ રાવ

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ (SoUADTGA) તથા ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી(TRI)ના સંયુક્ત ઉપક્રમે થનારું આયોજન સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વનું શ્રેષ્ઠતમ પ્રવાસનસ્થળ બન્યું છે, દેશ-વિદેશથી આવનાર પ્રવાસીઓ ભારતીય સંસ્કૃતિની વિવિધતામાં એકતાના દર્શન કરી શકે અને આદિવાસી સમુદાયોના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને ઉજવવા તેમજ આ આદિવાસી વિસ્તારની વિવિધ વસ્તી વચ્ચે એકતા અને સમજણને પ્રોત્સાહન આપવા તલવાર નૃત્યની પ્રસ્તુતિ કરવાનું નક્કી કરાયું છે. મુલાકાતીઓના વિશાળ સમુદાય સાથે આદિવાસી સંસ્કૃતિની જાળવણીના શુભ આશય સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ (SoUADTGA) તથા ગુજરાત આદિવાસી સંસોધન અને તાલીમ સોસાયટી(TRI)ના સંયુકત ઉપક્રમે આ સમગ્ર આયોજન ઘડી કાઢવામાં આવ્યુ છે.સમગ્ર વિશ્વમાં ભારત દેશ વિવિધતામાં એકતાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ પુરૂં પાડે છે, ત્યારે ભારતની અને ખાસ કરીને આદિવાસી સમુદાયના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની જાણકારી અને ઝલક વિશાળ સંખ્યામાં આવતા મુલાકાતીઓને મળી રહે અને ભારત દેશની સંસ્કૃતિને વિવિધતામાં એકતાના દર્શન કરી શકે તે માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ (SoUADTGA) અને ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી(TRI) વચ્ચે થયેલા સમજુતી કરાર મુજબ નિયમિત પણે આયોજન કરવામાં આવશે તે મુજબ શનિવાર તારીખ ૧૮ મે ૨૦૨૪ ના રોજ દાહોદ ના પ્રખ્યાત તલવાર નૃત્યની પ્રસ્તુતિ થશે સાંજે ૬:૧૫ કલાકથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં આવેલ સ્ક્ફ્ઝ ખાતે અને સાંજે ૭:૦૦ કલાકે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરની બાજુમાં આવેલ બસ બે સ્ટેશન ખાતે નૃત્યની પ્રસ્તુતિ થશે. પ્રવાસીઓને આ દિવસો દરમ્યાન એકતા નગરના પ્રવાસનું આયોજન ઘડી કાઢવા અમારી નમ્ર વિનંતી છે.

# ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી રોલ બોલ ચેમ્પીયનશીપમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ઝળહળતી સફળતા



"આપણી વિશ્વવિદ્યાલય, આપણું ગૌરવ" એ વાતને યથાર્થ રીતે સાબિત કરતા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ઝળહળતી સફળતા. દિનાંક ૧૫ થી ૧૭ મે, ૨૦૨૪ દરમિયાન તમિલનાડુ, શારીરિક શિક્ષણ અને સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા આયોજીત ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી રોલ બોલ (ભાઈઓ અને બહેનો) ચેમ્પીયનશીપમાં આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. આ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી રોલ બોલ (ભાઈઓ) ચેમ્પીયનશીપ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને યુનિવર્સિટી ઓફ કેરલા વચ્ચે યોજાઈ હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનો સ્કોર -૪ હતો અને યુનિવર્સિટી ઓફ કેરલાનો સ્કોર -૨ હતો. તો આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી રોલ બોલ (ભાઈઓ) ચેમ્પીયનશીપ અત્યંત ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ હાંસલ કર્યા છે. એટલું જ નહિ પરંતુ દિનાંક ૧૫ થી ૧૭ મે, ૨૦૨૪ દરમિયાન તમિલનાડુ, શારીરિક શિક્ષણ અને સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી રોલ બોલ (બહેનો) ચેમ્પીયનશીપમાં આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ પણ સિલ્વર મેડલ હાંસલ કરેલ છે. આ તમામ વિદ્યાર્થીઓની અતિ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના માનનીય કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ.રમેશદાન ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓએસડી ડૉ.પ્રકાશચંદ્ર પટેલ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર તરફથી દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને આગળના પ્રયત્નો માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# વલસાડ કોર્ટમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ખાતે "ઉજાસ-એક આશાની કિરણ"

**પ્રિ-લીટીગેશન મેટ્રીમોનીયલ કાયમી લોક અદાલત ની શરૂઆત**

**લગ્નવિષયક તકરારોમાં કેસ દાખલ કર્યા વિના સુખદ સમાધાનની નિ:શુલ્ક વ્યવસ્થા**

વલસાડ

લગ્નવિષયક તકરારોમાં કોર્ટમાં કેસ દાખલ કર્યા વિના સુખદ સમાધાનની નિ:શુલ્ક વ્યવસ્થા ઉભી થઈ શકે એવા ઉમદા આશય સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સુ.શ્રી. સુનિતાબેન અગ્રવાલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રાજયની તમામ જિલ્લા કોર્ટ સહિત વલસાડ કોર્ટમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ખાતે લગ્નવિષયક (મેટ્રોમોનિયલ) કાયમી પ્રિ-લિટીગેશન લોક અદાલત "ઉજાસ - એક આશાની કિરણ" નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું, તેમજ તેની સાથે વાપી અને ઉમરગામ તાલુકા કોર્ટ ખાતે નવાં મિડીએશન સેન્ટરનું વર્ચ્યુલી ઉદઘાટન પણ કરાયું હતું. આ વ્યવસ્થાથી કોર્ટમાં કેસ કર્યા વિના દંપતિઓને સમાધાનના માર્ગે લગ્નજીવન બચાવવાની સુવર્ણતક મળશે. ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ- અમદાવાદની અનુશ્રામાં તેમજ સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, વલસાડ નાં અધ્યક્ષશ્રીના માર્ગદર્શન હેઠળ વલસાડ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ખાતે શરૂ થયેલા પ્રિ-લીટીગેશન મેટ્રીમોનીયલ કાયમી લોક અદાલત સેન્ટરમાં વલસાડનાં મહિલા સીનીયર સીવીલ જજ તેમજ એક ટ્રેઈન્ડ મિડીએટર લગ્નજીવનની તકરારોને શાંતિપૂર્વક સાંભળશે તેમજ કાયદા અનુસાર તેઓની તકરારોનું નિ:શુલ્ક અને સુખદ સમાધાન થાય તેવા પ્રયત્નો કરશે. નોંધનીય છે કે, હાલ સમાજમાં દાંપત્ય જીવનની તકરારોમાં વધારો થતો જાય છે, અને હસતાં રમતાં અનેક પરિવારો વિભકત થતા જાય છે, જેના કારણે બાળકો, વડીલો સહિત દંપતિઓનું ભવિષ્ય ધુંધળુ બને છે. સુખી સંપન્ન પરિવાર વર્ષો સુધી વિખવાદમાં રહે છે. પરિવારમાં એક સામાન્ય સમસ્યાનો ત્વરિત ઉકેલ મળી જાય તો સંપૂર્ણ પરિવાર વિખુટો થતા બચી શકે છે. હવેથી કાયમી પ્રિ-લિટીગેશન લોક અદાલત થકી પક્ષકારોને



કોર્ટમાં કેસ દાખલ કરતા પહેલા તેઓની દાંપત્ય જીવનની તકરારોનું સુખદ સમાધાન શક્ય બનશે. આ પ્રક્રિયા તદ્દન નિ:શુલ્ક છે, આથી બંને પક્ષકારોને કોર્ટનાં ધક્કા ખાવાનો સમય તેમજ નાણાંનો પણ બચાવ થશે. પક્ષકારો આ પ્રિ-લીટીગેશન મેટ્રીમોનીયલ કાયમી લોક અદાલતમાં પોતાનો કેસ સમાધાન માટે મુકવા વલસાડ કોર્ટમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, વલસાડનો તેમજ તાલુકા કોર્ટોમાં આવેલ તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરી શકો છો, એમ વલસાડ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષશ્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સામાન્ય પરિવારમાંથી આવતા રાણીપ-ગોતા આઈ.ટી.આઈના બે વિદ્યાર્થીની અસામાન્ય સિદ્ધિ

**રાણીપ-ગોતા આઈ.ટી. આઈ ખાતે બંને વિદ્યાર્થીઓને સીએનસી ટર્નિંગ અને વેલ્ડિંગની બેઝિક ટ્રેનિંગ આપ્યા બાદ પસંદગી થતા એડવાન્સ ટ્રેનિંગની વ્યવસ્થા કરાઈ હતી**

**આઈ.ટી.આઈમાં વિવિધ ટ્રેડ કોર્સ માટે વર્ષ ૨૦૨૪ના નવા સત્રની પ્રવેશ પ્રક્રિયા શરૂ**

અમદાવાદમાં રહેતા અને સામાન્ય પરિવાર માંથી આવતા બે વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું ગૌરવ વધારી રહ્યા છે. રવિ પરમાર અને શુભમ પંચાલે અમદાવાદના રાણીપ-ગોતા આઈ.ટી.આઈ ખાતે બેઝિક તાલીમ મેળવેલી છે. ફીટર ટ્રેડના છાત્ર રવિ પરમારનું વેલ્ડિંગ સ્કીલ અને શુભમ પંચાલનું સીએનસી ટર્નિંગમાં ગુજરાત સ્કીલ ડેવલોપમેન્ટ મિશન (જીએસડીએમ) દ્વારા એપ્રિલ – ૨૦૨૪માં ૨૧ સ્કીલ સેગમેન્ટ માટે યોજાયેલ રાજ્ય કક્ષાની કૌશલ્ય સ્પર્ધામાં રાજ્યસ્તરે સિલેકશન થયું હતું. રવિએ ૧૦૦માંથી ૬૭ અને શુભમે ૭૩ અંક મેળવ્યા હતા. હાલમાં ચાલતી રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં શુભમ પંચાલ બેંગાલુરુ ખાતે અને રવિ પરમાર દિલ્હી ખાતે ભાગ લઈ રહ્યા છે. મહત્ત્વની વાત એ છે કે બંનેએ ફિટર ટ્રેડ ફિલ્ડમાં તાલીમ મેળવી અને વેલ્ડિંગ તથા સીએનસી ટર્નિંગમાં પોતાનું કૌશલ્ય દેખાડ્યું છે. આ બંને વિદ્યાર્થીઓ પોતાની આ સફળતાની સફરમાં પાયાના ઘડતરનો શ્રેય શ્રમ કૌશલ્ય વિકાસ વિભાગ દ્વારા સંચાલિત રાણીપ-ગોતા આઈ.ટી.આઈને આપે છે. જેણે આ બંને વિદ્યાર્થીઓની પસંદગી થયા બાદ સીએનસી ટર્નિંગ અને વેલ્ડિંગની બેઝિક ટ્રેનિંગ ઉપરાંત એડવાન્સ ટ્રેનિંગની વ્યવસ્થા




કરી હતી.

**આઈ.ટી.આઈને કારણે સપનાઓ જોવાની અને પુરુષાર્થ કરવાની ક્ષિતિજો વિસ્તરી:**

છાત્ર રવિ પરમાર છાત્ર રવિ પરમારનું કહેવું છે કે, અમારો પરિવાર આર્થિક રીતે એટલો સધ્ધર નથી, અમે સપનાં પણ સીમિત જોયાં હતાં. પરંતુ આઈ.ટી.આઈમાં તાલીમ અને માર્ગદર્શન મળવાથી અમારી સપના જોવાની અને તેને પૂરા કરવા માટેના પુરુષાર્થની ક્ષિતિજો વિસ્તરી છે.

**આઈ.ટી.આઈમાં આવીને જાણે જિંદગી બદલાઈ ગઈ, આગળ વધવાની ધગશ અને પ્રેરણા મળી: શુભમ પંચાલ**

શુભમ પંચાલ કહે છે કે, આઈ.ટી.આઈમાં તાલીમ અને માર્ગદર્શન આપતા શિક્ષકો, અહીં મળતી સુવિધાઓ અને સહયોગને કારણે અમારી જિંદગી બદલાઈ ગઈ છે. અહીંથી અમને આગળ વધવાની ધગશ અને પ્રેરણા મળી છે.

**શ્રમ અને કૌશલ્ય વિકાસ વિભાગ દ્વારા સંચાલિત સરકારી ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ (આઈ.ટી.આઈ) વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ કારકિર્દીના લોન્ચપેડ સમાન**

આજે વિદ્યાર્થીઓ પાસે કારકિર્દી નિર્માણના અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. ત્યારે કૌશલ્ય વર્ધનમાં જ આગળ વધવા માંગતા અને ખાસ કરીને ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારમાંથી આવતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી ગુજરાતમાં સ્કીલ્ડ વર્કર ફોર્સ તૈયાર કરવાના ધ્યેય સાથે રાજ્યમાં કામગીરી કરી રહી છે. ત્યારે શ્રમ અને કૌશલ્ય વિકાસ વિભાગ દ્વારા સંચાલિત સરકારી ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ (આઈ.ટી.આઈ) વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ કારકિર્દીના લોન્ચપેડ સમાન બની રહ્યા છે.

અમદાવાદ શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૫ સરકારી ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ (આઈ.ટી.આઈ) કાર્યરત

અમદાવાદ જિલ્લામાં સરકારી, ગ્રાન્ટએઈડ અને ખાનગી એમ અનેક ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ કાર્યરત છે. તેમાંથી શહેરી અને

**સીએનસી ટર્નિંગ અને વેલ્ડિંગમાં રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેનાર રવિ પરમાર અને શુભમ પંચાલે ગુજરાતનું ગૌરવ વધાર્યું**

ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૫ સરકારી આઈ.ટી.આઈ આવેલી છે. જેમાં રાણીપ-ગોતા, કુબેરનગર, મણિનગર, મણિનગર (મહિલા), સરસપુર, થલતેજ, સરખેજ, બાવળા, ધોળકા, ધોલેરા, ધંધુકા, સાણંદ, વિરમગામ, માંડલ અને દેત્રોજ ખાતે આઈ.ટી.આઈ કેમ્પસ આવેલાં છે. જે અદ્યતન અને આધુનિક શિક્ષણના સમન્વય બિંદુ બની રહ્યા છે.

અમદાવાદના રાણીપ-ગોતા આઈ.ટી.આઈ કેમ્પસમાં વિવિધ ૭ ટ્રેડ કોર્સ માટે વર્ષ ૨૦૨૪ના નવા સત્રની પ્રવેશ પ્રક્રિયા શરૂ ઔધોગિક તાલીમ સંસ્થા રાણીપ-ગોતાના આચાર્યશ્રી આશુતોષ વ્યાસના જણાવ્યા અનુસાર ઔધોગિક તાલીમ સંસ્થાનું હરિયાળું પરિસર રાણીપ વિસ્તારમાં કુલ ૩૫૯૮ ચો.મી. વિસ્તારમાં ફેલાયેલું છે. અહીં ફિટર, મિકેનિક મોટર વ્હિકલ, બ્યુટી પાર્લર, સીવણકામ, ઈલેક્ટ્રીશયન, કોમ્પ્યુટર, વાયરમેન એમ કુલ ૦૭ ટ્રેડ કાર્યરત છે. સંસ્થા ખાતે કુલ ૦૮ પ્રેકટીકલ લેબ તથા ૧૦ થિયરી રૂમ છે. આ ઉપરાંત મેથેમેટિકલ લેબ, બાયસેગ રૂમ અને લાયબ્રેરી, કોન્ફરન્સ રૂમની સુવિધા પણ ઉપલબ્ધ છે. સાથોસાથ અહીં મારુતિ સુઝુકી મોટર્સ અને કટારિયા ઓટોમોબાઈલ્સના સહયોગથી કાર્યરત ઓટોમોબાઈલ્સ સ્કીલ એન્હાસમેન્ટ સેન્ટર ખાતે મારુતિના રીપ્રેઝન્ટેટીવ દ્વારા ઉધોગલક્ષી અધતન તાલીમ આપવામાં આવે છે. અહીંથી પાસ થયેલ મોટા ભાગના તાલીમાર્થીઓનું પરીક્ષા પહેલા જ કેમ્પસ ઈન્ટરવ્યૂમાં પ્લેસમેન્ટ થઈ જતું હોય છે. હાલમાં સંસ્થાના ૮૦% કરતા વધારે પાસ આઉટ તાલીમાર્થીઓ નોકરી , એપ્રેન્ટીસ અને સ્વરોજગાર મેળવી ચુક્યા છે. અને રૂપિયા ૧૫,૦૦૦થી ૨૫,૦૦૦ સુધીનો માસિક પગાર મેળવી રહ્યા છે. પ્રવેશ માટેની લાયકાત અને પ્રવેશ પ્રક્રિયા ધોરણ ૮થી ગ્રેજયુએશન કરનાર કોઈપણ ઉમેદવાર https://itiadmission.gujaratgovin વેબસાઈટ પર પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરી શકે છે. જ્યાં એસ.સી, એસ.ટી., મહિલાઓ અને દિવ્યાંગ ઉમેદવારોને નિ:શુલ્ક તાલીમ આપવામાં આવે છે. જ્યારે અન્ય ઉમેદવારો માટે ન્યૂનતમ દરે વિવિધ કોર્સ કરાવવામાં આવે છે. રજાનાં દિવસ સિવાય કેમ્પસ ખાતે રાખેલ હેલ્પ સેન્ટર ખાતે ઉમેદવારને રૂબરૂ નિ:શુલ્ક ઓનલાઈન પ્રવેશફોર્મ ભરી આપવામાં આવશે. પ્રવેશફોર્મ ભરવાની, રજીસ્ટ્રેશન ફી ભરી ઓનલાઈન સબિમટ કરવાની તથા પ્રવેશફોર્મમાં હેલ્પ સેન્ટર ખાતેથી સુધારા-વધારા કરવાની છેલ્લી તારીખ તા.૧૩ જૂન, ૨૦૨૪ છે.

# હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ જુલાઈમાં ભારતીય વાયુસેનાને તેનું પ્રથમ લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ એમકે-૧એ પહોંચાડશે

નવી દિલ્હી,તા. ૧૭

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) જુલાઈમાં ભારતીય વાયુસેનાને તેનું પ્રથમ લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ એમકે-૧એ (એલસી તેજસ એમકે-૧એ) પહોંચાડશે. તેની પ્રથમ ઉડાન માર્ચમાં થઈ હતી. ત્યારથી ઈન્ટીગ્રેશન ટ્રાયલ ચાલી રહી છે. એટલે કે અલગ-અલગ ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને હથિયારો લગાવીને તેનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. એવી અપેક્ષા છે કે જુલાઈ સુધીમાં તમામ ટ્રાયલ પૂર્ણ થઈ જશે અને ભારતીય વાયુસેનાને આપવામાં આવશે. ભારતીય વાયુસેના દ્વારા એચએએલ કંપનીને ૮૩ તેજસ એમકે-૧એ નો ઓર્ડર આપ્યો હતો. જેના પર ૪૮ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. એરફોર્સ હવે વધુ ૯૭ તેજસનો ઓર્ડર આપવાનું વિચારી રહી છે. રક્ષા મંત્રાલય પહેલા જ એચએએલ ને ટેન્ડર બહાર પાડી ચૂક્યું છે. એચએએલ એ ત્રણ મહિનામાં સંરક્ષણ મંત્રાલયના ટેન્ડરનો જવાબ આપવાનો છે. તેજસના આગમન સાથે વાયુસેનાના જૂના મિગ શ્રેણીના વિમાનો નિવૃત્ત થઈ જશે. તેજસ એમકે-૧એ ની તૈનાતી દુશ્મન દેશોની હાલત ખરાબ કરશે. નવા તેજસ સાથે રાજસ્થાનના જોધપુરમાં ત્રીજી સ્ક્વોડ્રન બનાવવામાં આવશે. એટલે કે પાકિસ્તાન કોઈ પણ પ્રકારનું તોફાન કરી શકે નહીં. આ ફાઈટર જેટ દુનિયાનું શ્રેષ્ઠ લાઈટ ફાઈટર એરક્રાફ્ટ છે. એરક્રાફ્ટ તેજસ એમકે-૧એ ફાઈટર જેટમાં ડિજિટલ ફ્લાય બાય વાયર ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર (ડીએફસીસી) ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે. સરળ ભાષામાં, ડીએફસીસી નો અર્થ છે ફાઈટર જેટમાંથી મેન્યુઅલ ફ્લાઈટ કંટ્રોલ દૂર કરવું અને ઈલેક્ટ્રોનિક ઈન્ટરફેસ ઈન્સ્ટોલ કરવું. એટલે કે કોમ્પ્યુટર વિમાનને ઉડતી વખતે પાઈલટના હિસાબે સંતુલિત રાખે છે. આ સિસ્ટમ દ્વારા, રડાર, એલિવેટર, એલેરોન, ફ્લૅપ્સ અને એન્જિનને ઈલેક્ટ્રોનિક રીતે નિયંત્રિત કરવામાં આવે છે. વાયર દ્વારા ફ્લાય ફાઈટર જેટને સ્થિર કરે છે. આ પ્લેનને વધુ સુરક્ષિત બનાવે છે. તેજસ આધુનિક સુવિધાઓથી સજ્જ છે, આ એરક્રાફ્ટનું અપગ્રેડેડ વર્ઝન, તેજસ એમકે-૧એ, એડવાન્સ્ડ મિશન કોમ્પ્યુટર, હાઈ પરફોર્મન્સ કેપેબિલિટી ડિજિટલ ફ્લાઈટ કંટ્રોલ કોમ્પ્યુટર (ડીએફસીસી એમકે-૧એ), સ્માર્ટ મલ્ટી-ફંકશન ડિસ્પ્લે (એસએમએફડી), એડવાન્સ ઈલેક્ટ્રોનિકલી સ્કેન કરેલ એરે (એઈએસએ) રડાર, એડવાન્સ્ડ છે. સ્વ- અહીં પ્રોટેકશન જામર, ઈલેક્ટ્રોનિક વોરફેર સૂટ વગેરે જેવી સુવિધાઓ છે. જો કે આ ફાઈટર જેટ તેજસ એમકે-૧ જેવું જ છે, પરંતુ તેમાં કેટલીક વસ્તુઓ બદલાઈ છે. જેમ કે તે અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક વોરફેર સ્યુટ, ઉત્તમ એઈએસએ રડાર, સેલ્ફ-પ્રોટેક્શન જામર, રડાર વૉર્નિંગ રીસીવરથી સજ્જ છે. આ સિવાય બહારથી પણ ઈસીમ પોડ લગાવી શકાય છે. આ એરક્રાફ્ટ અગાઉના વેરિઅન્ટ કરતાં થોડું હળવું પણ છે. પરંતુ તે કદમાં પણ એટલી જ મોટી છે. એટલે કે ૪૩.૪ ફૂટ લંબાઈ. ૧૪.૫ ફૂટની ઊંચાઈ. મહત્તમ ૨૨૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉડી શકે છે. કોમ્બેટ રેન્જ ૭૩૯ કિલોમીટર છે. બાય ધ વે, તેની ફેરી રેન્જ ૩૦૦૦ કિલોમીટર છે. આ એરક્રાફ્ટ મહત્તમ ૫૦ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. તેમાં કુલ ૯ હાર્ડ પોઈન્ટ છે. આ સિવાય ૨૩ એમએમની ટ્વીન-બેરલ તોપ લગાવવામાં આવી છે. ૯ અલગ અલગ રોકેટ, મિસાઈલ, બોમ્બ હાર્ડપોઈન્ટમાં ઈન્સ્ટોલ કરી શકાય છે અથવા તમે તેમને મિક્સ પણ કરી શકાય છે.

## વિશ્વ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન સોસાયટી ડે ૨૦૨૪ની ઉજવણી

કોમ્યુનિકેશન એકાઉન્ટ્સ નિયંત્રક ગુજરાત સર્કલ આ ઑફિસ, ડિપાર્ટમેન્ટ ઑફ ટેલિકોમ્યુનિકેશન, મિનિસ્ટ્રી ઑફ કોમ્યુનિકેશન, ભારત સરકારનું ક્ષેત્ર એકમ છે અને વિશ્વ ટેલિકમ્યુનિકેશન એન્ડ ઈન્ફર્મેશન સોસાયટી ડે (WTISD) 2024ની ઉજવણીમાં વૈશ્વિક સમુદાય સાથે જોડાવાનું ગર્વ અનુભવે છે. આ વર્ષની થીમ, "સતત વિકાસ માટે ડિજિટલ ઈનોવેશન," છે. સતત વિકાસને પ્રોત્સાહન આપવા અને ડિજિટલ વિભાજનને પુલ કરવા માટે ટેલિકોમ્યુનિકેશન્સ અને માહિતી તકનીકનો લાભ લેવાનું મહત્વ છે. વર્લ્ડ ટેલિકોમ્યુનિકેશન એન્ડ ઈન્ફર્મેશન સોસાયટી ડે, જે દર વર્ષે ૧૭ મેના રોજ મનાવવામાં આવે છે, તે ઈન્ટરનેશનલ ટેલિકમ્યુનિકેશન યુનિયન (ITU)ની સ્થાપના અને ૧૮૬૫માં પ્રથમ ઈન્ટરનેશનલ ટેલિગ્રાફ કન્વેન્શન પર હસ્તાક્ષર કર્યાની યાદમાં ઉજવવામાં આવે છે. આ કચેરીની મુખ્ય સિદ્ધિઓ અને પહેલ:

**૧. નાણાકીય વર્ષ ૨૩-૨૪માં મહેસૂલ આકારણીઓ:**

● આ કચેરીને ગુજરાતના તમામ ટેલિકોમ લાયસન્સધારકોના મહેસૂલ આકારણીનું કામ સોંપવામાં આવ્યું છે. ગુજરાતમાં વાઈબ્રન્ટ ટેલિકોમ ઈકોસિસ્ટમના વિકાસ માટે લાયસન્સ કરારની શરતોનું પાલન સુનિશ્ચિત કરવા સાથે યુનિફાઈડ ડિજિટલ પોર્ટલ SARAS દ્વારા ગુજરાતના ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર (TSPs) અને ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર (ISPs) માટે લાયસન્સ ફી અને સ્પેક્ટ્રમ વપરાશ શુલ્કનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ ઓફિસે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૨૭૪.૫ કરોડની આવક મેળવી હતી..

**૨. નાણાકીય વર્ષ ૨૩-૨૪માં પેન્શન વિતરણ:**

● આ ઓફિસ ગુજરાત વર્તુળના લગભગ ૩૦,૦૦૦ ટેલિકોમ પેન્શનરો માટે પેન્શન મંજૂર અને પેન્શન વિતરણ સત્તા ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, આશરે. રૂ.૧૦૩૦ કરોડ પેન્શન, રૂ.૩૮.૨ કરોડ કમ્યુટેશન અને રૂ.૧૩૨.૬ કરોડ ચૂકવેલ છે. SAMPANN દ્વારા પેન્શનરોને DCRG, જે પેન્શનરોની પેન્શન મંજૂર, વિતરણ અને ફરિયાદ નિવારણ માટે એક સીમાચિહ્નરૂપ યુનિફાઈડ ડિજિટલ પોર્ટલ છે.

**૩. USOF પ્રોજેક્ટ્સ અને યોજનાઓ:**

● ભારતનેટ: સમગ્ર ભારતમાં ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં હાઈ-સ્પીડ બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે, ભારતનેટ એ સુનિશ્ચિત કરે છે કે ૨,૫૦,૦૦૦થી વધુ ગ્રામ પંચાયતો ડિજિટલ સેવાઓની ઍક્સેસ ધરાવે છે. ગુજરાતમાં, ૬૭૩૪ ગ્રામ પંચાયતોને ભારતનેટ પ્રોજેક્ટ દ્વારા જોડવામાં આવ્યા છે. કુલ રૂ. USOFના CSMS પોર્ટલ દ્વારા નાણાકીય વર્ષ ૨૩-૨૪માં ભારતનેટ પ્રોજેક્ટ હેઠળ ૩૮.૨૮ કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે.

● ૩૫૪ અનકવર્ડ વિલેજ સ્કીમ: એજન્સી મેસર્સ રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડ (RJIL) દ્વારા મોબાઈલ ટાવર સ્થાપિત કરીને ભારતના સરહદી વિસ્તારોમાં આવેલા ૩૫૪ અનકવર્ડ ગામોમાં મોબાઈલ સેવાઓની જોગવાઈ કરવા માટે આ યોજનાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં આ પ્રોજેક્ટ દ્વારા લગભગ ૫૦ ગામોને આવરી લેવામાં આવ્યા છે. કુલ રૂ. USOFના યુનિફાઈડ ડિજિટલ પોર્ટલ PMIS દ્વારા નાણાકીય વર્ષ ૨૩-૨૪માં આ પ્રોજેક્ટ હેઠળ ૫.૯૪ કરોડની સબસિડીનું વિતરણ કરવામાં આવ્યું છે.

**૪. ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ:**

● આ કાર્યાલયે આંગણવાડીઓની મહિલાઓ અને બાળકો માટે સખી- કૌશલ્ય અને જ્ઞાન પ્રદાન કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો હતો જેનો હેતુ તેમના કૌશલ્ય વિકાસ, સશક્તિકરણ અને ડિજિટલ સાક્ષરતા વધારવાનો છે.

૫. ઘટનાઓ અને પ્રવૃત્તિઓ:

WTISD 2024ને ચિહ્નિત કરવા માટે, આ ઓફિસ શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરી રહી છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

● ક્વિઝ સ્પર્ધા: આ કાર્યાલય દ્વારા ટેલિકોમ્યુનિકેશન્સ અને ICTના વિવિધ પાસાઓ પર સહભાગીઓના જ્ઞાનને ચકાસવા અને વધારવા માટે એક આકર્ષક ક્વિઝનું આયોજન કરવામાં આવે છે.

● વર્કશોપ્સ અને સેમિનાર: ડિજિટલ સાક્ષરતા, સાયબર સુરક્ષા અને શિક્ષણ અને આરોગ્ય સંભાળમાં ICTની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

એસ. એચ. વિજય કુમાર, CCA ગુજરાત ખાનગી ક્ષેત્ર, શિક્ષણવિદો અને નાગરિક સમાજ સહિત તમામ હિતધારકોનો ભારતના ટેલિકોમ્યુનિકેશન લેન્ડસ્કેપને આગળ વધારવા માટેના અવિરત પ્રયાસો બદલ આભાર માને છે.







आगामी लोकसभा चुनाव २०२४ के प्रचार अंतर्गत आज ओडिशा के केंद्रपाड़ा लोकसभा लोकसभा के उम्मीदवार बैजयंत पांडा ओर ओल विधानसभा क्षेत्र के भाजपा प्रत्याशी श्री कृष्ण चंद्र पंडा जी के समर्थन में भारतीय जनता पार्टी के पदाधिकारियों एवं कार्यकर्ताओं के साथ मंडल संचालन की संगठनात्मक बैठक करके गुजरात सरकार के केबिनेट मंत्री श्री कुबेरभाई डिंडोर साहब ने मार्गदर्शन दीया। आदरणीय प्रधानमंत्री श्री नरेन्द्र भाई मोदी जी के विकसित भारत के संकल्प को साकार करने के लिए अबकी बार ४०० पार के लिए समर्थन मांगा। ईस अवसर पर श्री अरुणकर त्रिपाठी जी, श्री अक्षय दास जी, सत्य नारायण जेना जी, मंडलसभापति जी, पंचायत प्रमुख, बूथ प्रमुख,एवं बूथ कार्यकर्ताओं उपस्थित रहे





પેટલાદ તાલુકાના દાવલપુરા ગામે વાલ્મીકી સમાજ નવસર્જન યુવક મંડળ (સુ) દાવલપુરા દ્વારા આયોજીત ચોથા સમુહ લગ્નોત્સવ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલે ઉપસ્થિત રહી નવદંપતિઓને સમૃદ્ધ દામ્પત્યજીવનના આશિષ પાઠવ્યા

## સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાની ખેડૂત હિત અંગે પાઠવ્યો પત્ર

**કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને રાસાયણિક ખાતર DAP સાથે અન્ય ખાતર ન આપવાની લાગણી વ્યક્ત કરતા કસવાલા**

**નેનો યુરીયા અને નેનો DAP અંગે કૃષિ તજજ્ઞો દ્વારા સેમિનાર યોજાવાની માંગ કરતા કસવાલા**

સાવરકુંડલા

રાસાયણીક ખાતર ડીએપી ની સાથે અન્ય ખાતર ન આપવા બાબતે સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવીને રજુઆત કરી છે જેમાં ખેડૂતોને પડતી અગવડતા માટે સેમીનાર યોજીને કૃષિ લક્ષી ફાયદાઓ સમજાવવા માટે કૃષિમંત્રી ને પત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે જેમાં ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું છે કે, સાવરકુંડલા લીલીયા તાલુકાના ખેડૂતો દ્વારા ધારાસભ્યશ્રીને મળેલ રજુઆતો અનુસાર આગામી ચોમાસાની સિઝન દરમ્યાન ખેડૂતો દ્વારા રાસાયણીક ડી.એ.પી ખાતરની ખુબજ મોટા પ્રમાણમાં માંગ રહે છે તેથી, હાલમાં ખેડૂતો દ્વારા ખરીદ કરવામાં આવતા ડી.એ.પી ખાતરની સાથો-સાથ અન્ય રાસાયણીક ખાતર ફરજીયાત લેવાનું જણાવવામાં આવે છે જેના કારણે ખેડૂતોમાં નારાજગી જોવા મળેલ છે તેથી જયારે ડી.એ.પી ખાતર ખરીદ કરે તેની સાથે અન્ય ખાતરો ન આપવાનું નમ્ર સુચન ધારાસભ્ય કસવાલાએ કર્યુ છે સાથે સાથે નેનો યુરીયા, નેનો ડી.એ.પી ખાતર કંપની દ્વારા માર્કેટમાં મુકવામાં આવેલ છે આ ખાતરના ઉપયોગ અને ફાયદાથી ખેડૂતો અજાણ હોવાના કારણે ખરીદતા નથી તેથી, આ નેનો ડી.એ.પી, નેનો યુરીયાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે કૃષી તજજ્ઞો અને કંપની નિષ્ણાંતો દ્વારા ખેડૂતોની વચ્ચે જઈ આ ખાતરથી થતા લાભો અંગે સેમિનાર યોજી માર્ગદર્શન આપવુ જોઈએ તેથી, ખેડૂતોને વધુમાં વધુ ફાયદો થાય અને આર્થીક લાભ મળે તેવા પ્રયત્નો કરવા જરૂરી જણાય છે. તો આ બાબતનું સુચન ધ્યાને લઈ તેની અમલવારી કરાવવા ધારાસભ્ય મહેશ કસવાલાએ વિનંતી સાથેનો પત્ર કૃષિમંત્રી રાઘવજી ભાઈ પટેલ ને પાઠવ્યો છે.



**ખેડૂતો પ્રત્યે સંવેદનશીલ સરકાર દ્વારા યોગ્ય માંગણીઓને ધ્યાને લેવા વિનંતી કરતા કસવાલા**









आगामी लोकसभा चुनाव २०२४ के प्रचार अंतर्गत आज ओडिशा के केंद्रपाड़ा लोकसभा लोकसभा के उम्मीदवार बैजयंत पांडा ओर ओल विधानसभा क्षेत्र के भाजपा प्रत्याशी श्री कृष्ण चंद्र पंडा जी के समर्थन में गुजरात सरकार के केबिनेट मंत्री श्री कुबेरभाई डिंडोर साहब ने भिन्न भिन्न विस्तार में प्रचार अंतर्गत पार्टी के पदाधिकारियों ओर कार्यकर्ताओं को आदरणीय प्रधानमंत्री श्री नरेंद्र मोदी जी की गारंटी है ओड़िशा में भारतीय जनता पार्टी की सरकार बनते ही सभी माताओं-बहनों को भगवान् जगन्नाथ की बहन सुभद्रा जी के नाम पर सुभद्रा योजना के माध्यम से सभी महिलाओं को ५०,०००रुपये प्रदान किये जायेंगे ताकि वे अपनी स्वेच्छा से खर्च कर सकेंगी और आपको छोटे-मोटे खर्च के लिए किसी के आगे हाथ नहीं फैलाना पड़ेगा।

## GSFC યુનિવર્સિટી વડોદરાએ ડ્રોન ટેક્નોલોજી માટે ગરુડ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ સાથે એમઓયુ કર્યા

**ડ્રોન ટેક્નોલોજીમાં સંશોધન અને વિકાસ, તાલીમ, સેવા અને જાળવણી અને સલાહકાર સહાય પર સંયુક્ત રીતે કામ કરો**

**ભવિષ્યમાં આ સહયોગના ભાગરૂપે ડ્રોન ટેક્નોલોજીમાં ડિપ્લોમા અને ડિગ્રી કોર્સ શરૂ કરવામાં આવશે**



GSFC યુનિવર્સિટીએ શુક્રવારે M/s સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા. ગરુડા એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડ, ચેન્નાઈ સ્થિત સ્ટાર્ટઅપ સંબંધિત સોફ્ટવેર અને વિશ્લેષણાત્મક સાધનો સાથે ઓછા ખર્ચે ડ્રોન સોલ્યુશન્સ વિકસાવવામાં વિશેષતા ધરાવે છે. આ સહયોગનો પ્રાથમિક ધ્યેય ડ્રોન ટેક્નોલોજીમાં સંશોધન અને વિકાસ, તાલીમ, સેવા અને જાળવણી અને સલાહકાર સહાય પર સંયુક્ત રીતે કામ કરવાનો છે. ભવિષ્યમાં, ડ્રોન ટેક્નોલોજીમાં ડિપ્લોમા અને ડિગ્રી કોર્સનો સમાવેશ કરવા માટે ગરુડ એરોસ્પેસ સાથેના સહયોગને વિસ્તારવામાં આવી શકે છે. આ એમઓયુના ભાગરૂપે ડ્રોન ટેકનિશિયન અને સર્ટિફાઈડ પાઈલટ ટ્રેનિંગના બે કોર્સ શરૂ કરવામાં આવશે. બાદમાં તેમની સફળતાના આધારે તેને ડિપ્લોમા અને ડિગ્રી કોર્સ તરીકે વિકસાવી શકાય છે. "ડ્રોન ટેક્નોલોજી હવે સમયની જરૂરિયાત છે કારણ કે માત્ર કૃષિ જ નહીં, દરેક ક્ષેત્રમાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવે છે. આગામી બે વર્ષમાં પાઈલોટ્સ, સહ પાઈલોટ્સ અને ટેકનિશિયનની ખૂબ માંગ હશે અને આ એમઓયુ જરૂરિયાતો પૂરી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. અમે દરેક કોર્સમાં ૫૦ થી વધુ શીખનારાઓની અપેક્ષા રાખીએ છીએ જે જૂનના મધ્યમાં અથવા જૂલાઈની શરૂઆતમાં શરૂ થશે અને અમે આના દ્વારા ડ્રોન ટેક્નોલોજીની ઈકોસિસ્ટમ બનાવવા માંગીએ છીએ અને કોર્સ પૂર્ણ કર્યા પછી સહભાગીઓને ડીજીસીએ દ્વારા માન્ય પ્રમાણપત્ર મળશે આ ભાગીદારીનો ઉદ્દેશ્ય ડ્રોન ટેકનોલોજીમાં સંશોધન અને વિકાસ, તાલીમ, સેવા અને માર્ગદર્શન આપવાનો છે તેના ફેકલ્ટી સભ્યો દ્વારા માર્ગદર્શન સેવાઓ," BB ભાયાણી, CEO-GUIITAR, GSFC યુનિવર્સિટીએ જણાવ્યું હતું. ગરુડ એરોસ્પેસ પ્રા.લિ.ના ચીફ ઓપરેટિંગ ઓફિસર ડૉ.વિજયકુમાર જોન્સ. લિ.એ જણાવ્યું હતું કે, અમે નોકરીની તકો ઊભી કરવા અને યુવાનોને સશક્ત બનાવવા માંગીએ છીએ. અમે બે અભ્યાસક્રમોથી શરૂઆત કરીએ છીએ - એક ડ્રોન ટેકનિશિયન જે સાત દિવસની અવધિનો છે અને બીજો સર્ટિફાઈડ પાયલોટ તાલીમ જે ૧૦ દિવસનો છે. તેમની સફળતાના આધારે અમે અભ્યાસક્રમોની સંખ્યામાં વધારો કરીશું અને તેમને ડિપ્લોમા અને ડિગ્રી અભ્યાસક્રમો સુધી પણ લંબાવીશું. ગરુડા એરોસ્પેસે સેનિટાઈઝેશન, કૃષિ છંટકાવ, મેપિંગ, ડિલિવરી અને સર્વેલન્સ સહિત ૪૦ થી વધુ વિવિધ એપ્લિકેશનો માટે ડ્રોન બનાવ્યા છે . અમે ભારતના અગ્રણી સાહસોમાંના એક છીએ અને નાના અને મધ્યમ કદના બંને પ્રકારના ડ્રોનનું ઉત્પાદન કરવા માટે દ્વિ પ્રમાણપત્ર ધરાવનારી એકમાત્ર ડ્રોન કંપની છીએ. આ એમઓયુ પર જીએસએફસી યુનિવર્સિટીના સીઈઓ-જીઆઈઆઈટીઆર બીબી ભાયાણી અને ગરુડ એરોસ્પેસ પ્રાઈવેટ લિમિટેડના ચીફ ઓપરેટિંગ ઓફિસર ડો. વિજયકુમાર જોન્સે હસ્તાક્ષર કર્યા છે. PK તનેજા, IAS (નિવૃત્ત), પ્રમુખ-GSFC યુનિવર્સિટીની હાજરીમાં લિ. પ્રો. જી.આર. સિંહા, પ્રોવોસ્ટ-જીએસએફસી યુનિવર્સિટી, આર.બી. પંચાલ, ડાયરેક્ટર (એડમિન)-જીએસએફસી યુનિવર્સિટી અને વિદ્યાર્થીઓ સાથે અન્ય અધિકારીઓ. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૨૧ માં GSFC યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ડ્રોન ટેક્નોલોજી દ્વારા કૃષિ અને સંબંધિત ક્ષેત્રોને આગળ વધારવા માટે ડ્રોન ડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. GSFC યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ્સ અને સંશોધકોને ટેકો આપતા ડ્રોન ટેક્નોલોજીમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે એડવાન્સ ડ્રોન લેબની સ્થાપના કરી. યુનિવર્સિટીમાં ચાલી રહેલા વર્તમાન વિદ્યાર્થી પ્રોજેક્ટ્સમાં હિલીયમ બલૂન સાથે ડ્રોનનો ઉપયોગ, સ્યુડો-સેટેલાઈટ તરીકે ડ્રોન અને ફાયર સેફ્ટી, મરીન ડ્રોન અને અન્ય ક્ષેત્રોમાં ડ્રોન એપ્લિકેશનનો સમાવેશ થાય છે. આ એમઓયુમાં, જીએસએફસી યુનિવર્સિટી તેના ફેકલ્ટી સભ્યો દ્વારા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, તાલીમ અને સલાહકાર સેવાઓનું યોગદાન આપશે.

